# દેવના પવિત્ર આત્માના સામર્થ્ય વડે ખ્રિસ્તના સાક્ષી બનવું.


**પ્રાર્થના :** વહાલા પ્રભુ, પીતર અને બીજા પ્રેરિતોની માફક તમે સાક્ષી આપવા માટે અમને જે સામર્થ્ય આપ્યું છે તેનો ઉપયોગ વિશ્વાસીઓ પોતના મિત્રો અને સગાઓ સમક્ષ કરી શકે માટે તમારી સહાય ચાહીએ છીએ.

**૧. તમારા હૃદયોને પ્રાર્થના અને દેવના વચન વડે તૈયાર કરો.**

પ્રેકૃ. ૩ :૧-૨૨ **વાંચો** જેમાં પિતર અને યોહાને તારણના સંદેશાની લોકોને ખાતરી પમાડવાને કેટલીક બાબતો કરી તે છે.

- પિતરે લંગડા માણસને એવું શું આપવાનું કહ્યું કે જે સોના કરતા મૂલ્યવાન હતું ? (૬)
- જ્યારે લંગડા માણસે વિશ્વાસ કર્યો ત્યારે તેને સાજાપણું આપનાર શક્તિ કઈ હતી ?(૧૨-૧૩; ૧૬)
- પિતર અને યોહાને ક્યા સૌથી મહત્વના સત્યની સાક્ષી આપી ? (૧૪-૧૫)
- પાપો ધોવાઈ જાય માટે લોકોએ શું કરવું જોઈએ ? (૧૯)

**Seven helps to witness with power**




**૧. આંખો** - યોહાન ૪ :૩૫-૩૯માં વાંચો કે આપણે શું જોઈએ તેવું દેવ ચાહે છે.

**૨. હોઠ** - લુક ૨૪ :૪૬-૪૮માં વાંચો કે આપણે ઈસુ વિશે શું કહેવાનું છે.

**૩. હાથ** (બાઈબલ) - ૨ તિમોથી ૨ :૨ માં વાંચો કે દેવના વચન વડે આપણે શું કરવાનું છે. માત્થી ૨૮: ૧૮-૨૦ આપણે શિષ્યોને શું શિખવવાનું છે કે તેઓ કરે ?

**૪. હૃદય** ૧ કો. ૧૩ :૧-૩ કઈ બાબત આપણા કામને અસરકારક બનાવે છે. હેબ્રી ૧૧ : ૬ દેવ આપણા માટે કામ કરે માટે આપણામાં શું હોવું જરૂરી છે. ૧ થેસ્સા. ૫ :૧૭ આપણે દર વખતે શું કરવું જોઈએ. પ્રે. ૧ :૮ આપણે કોના તરફથી સામર્થ્ય (કે અધિકાર) મેળવવો જોઈએ અને કેમ.

**૫. હાથ** (ચાવી) માત્થી ૧૬ :૧૩-૧૯ ઈસુએ પિતરને કઈ પ્રતિજ્ઞા આપી. માત્થી ૧૮ :૧૮ બીજા કોને આ પ્રતિજ્ઞા પ્રાપ્ત થઈ. યોહાન ૨૦ : ૨૨ -૨૩ દેવ આપણા દ્વારા શું કહે છે.

**૬. પગ** (જોડા) એફેસી ૬ :૧૫ ક્યા પ્રકારના જોડા દેવ પૂરા પાડે છે.

**૭. મદદગાર** - પ્રેકૃ. ૧૧ :૧૨ પિતર પાસે કેટલા સહાયકારી હતા. પ્રેકૃ. ૧૩ :૨-૫માં વાંચો પાઉલ પાસે કેટલા મદદગાર હતા. લુક ૧૦ :૧ કેટલાએ સાથે મુસાફરી કરી.

**જવાબ**

૧. **આંખો** - તમારી આંખો ઊંચી કરીને ખેતરોને જૂઓ કે તે ફસલને માટે તૈયાર છે. એટલે કે દરેક જાતિઓમાં પસ્તાવો અને વિશ્વાસ કરવા માટે તૈયાર લોકો ઉપલબ્ધ છે. તેમને શોધવાની જરૂર છે.

૨. **હોઠો** -- પ્રભુ ઈસુનુ મરણ, જીવનદાયક પુનરુત્થાન અને પાપોની માફીનો અસરકારક પ્રચાર કરો.

૩. **હાથ** (બાઈબલ) આપણે જે પામ્યા તે બીજા સુધી પહોંચાડો. વિશ્વાસીઓને આધિન થવાનું શિક્ષણ આપો.

૪. **હૃદય** - દરેક બાબત પવિત્ર આત્માના સામર્થ્ય અને અધિકારમાં પ્રેમ, વિશ્વાસ અને પ્રાર્થનાથી કરો.

૫. **હાથ** (ચાવી) - ઈસુએ પિતરને તેના રાજયની ચાવીઓ (કુંચીઓ) નું વચન આપ્યું તેનો અર્થ પાપ માફ કરવાના અધિકારનું તે પ્રતિક છે. ઈસુએ આ જ અધિકાર બીજા શિષ્યોને પણ આપ્યો. ઈસુએ પાપ માફ કરવાનો આ અધિકાર પવિત્ર આત્માથી ભરપૂર વિશ્વાસીઓને આપ્યો.

માર્ક ૨ :૧-૧૨માં પક્ષઘાતી માણસને તેના મિત્રો છાપરુ ઉકેલીને ત્યાંથી નીચે જ્યાં ઈસુ ભારે ભીડમાં બેઠા હતા ત્યાં ઉતારે છે. જેથી ઈસુ તેને સાજાપણું આપે. ઈસુએ પોતે આ કુંચી (ચાવી) નો ઉપયોગ પક્ષઘાતીના મિત્રોનો વિશ્વાસ જોઈને કર્યો અને તેના પાપ માફ કર્યા.

આપણે પણ જ્યારે પવિત્ર આત્માના સામર્થ્ય પર વિશ્વાસ કરીએ છીએ અને કોઈ ખ્રિસ્તનો અંગીકાર કરીન તેની માફીમાં વિશ્વાસ ધરાવતા હોય તો આ કુંચીનો ઉપયોગ કરી શકીએ છીએ. બે વચ્ચેની વાતચિત આ રીતે શરૂ થાય છે. વિશ્વાસી ઈસુ માટે અધિકાર કે સામર્થ્યની સાક્ષી આપે છે. ત્યાર પછી સામેની વ્યક્તિએ વાર્તાલાપ પૂર્ણ થવા માટે પોતે વિશ્વાસ કરે છે તે દેખાડવું જોઈએ.

૬. **પગ** - આપણા પગ સુવાર્તાની તૈયારીથી સજ્જ થવા જોઈએ. એનો અર્થ કે આપણે લોકોને માટે શાંતિ અને આનંદનો સંદેશો લાવવો જોઈએ.

૭. **મદદગારો**

**અ)** જ્યારે **પિતર** વિદેશીઓને સુવાર્તા આપવા ગયો ત્યારે તેની સાથે છ મદદગારો હતા.

**બ)** **પાઉલ અને બાર્નાબાસ** સાથે મદદગાર તરીકે માર્ક હતો. તેઓને અંત્યોખથી બીજા દેશોમાં મોકલવામાં આવ્યા હતા.

**ક)** **પ્રભુ ઈસુ**એ ૭૦ ને બે -બે ની જોડીમાં મોકલ્યા. પ્રભુ ઈસુ અને શિષ્યો પણ એકલા નહીં, જૂથ તરીકે કામ કરતા હતા.




## પવિત્ર આત્માની ભરપૂરી

શાસ્ત્રમાં જ્યાં પવિત્ર આત્માની ભરપૂરીનો, કે તેઓ સામર્થ્ય પામ્યા તેવો ઉલ્લેખ છે ત્યાં વિશ્વાસીઓને માટે ખાસ કાર્ય દેવ માટે કરવાની બાબત છે. દા.ત. - પવિત્ર આત્મા સામસૂન પર આવ્યો અને તેણે સિંહને મારી નાખ્યો. ત્યાર પછી બનાવો બનતા ગયા જે દ્વારા છેવટે ઈસ્રાએલ લોકો તેમના દુશ્મનોથી છુટકારો પામ્યા. પવિત્ર આત્માની ભરપૂરી કેવળ અસાધારણ લાગણીમય અનુભૂતિ કરાવવા માટે વિશ્વાસીને આપવામાં આવતી નથી. શાસ્ત્રમાં એક જ જગાએ ભજનારાઓએ કૂદાકૂદ કરી અને બૂમો પાડી ત્યારે દેવે એલિયાહ મારફતે તેમની કતલ કરાવી. (૧ રાજા ૧૮ :૨૫-૪૦)

**૨. તમારા સાથીદારો સાથે અઠવાડિયા દરમ્યાનની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

- ઈસુએ આજ્ઞા આપી છે તેવા સાક્ષી આપવા માટેના સામર્થ્ય માટે પ્રાર્થના કરો. હજુ જેઓ ઈસુને ઓળખતા નથી તેવા લોકોની મુલાકાતો લો.
- ખ્રિસ્ત રહિત ખોવાએલા લોકો માટે પ્રાર્થના કરો.
- વિશ્વાસીઓની મુલાકાત લઈને તેમના મિત્રો, સગાઓ કે જેઓ પાસે સુવાર્તા લઈ જઈ શકાય તેમની માહિતી મેળવો. જો આમ કરવામાં તેમને મદદની જરૂર હોય તો તેમની સાથે તમે પણ જાઓ અને કામ શરૂ કરો.

**૩. તમારા સાથીદારો સાથે આગામી ભજનસેવાનું આયોજન કરો.**

પિતર અને યોહાને કેવી રીતે એક માણસને સાજો કર્યો અને તેને ઈસુ વિષે કહ્યું તે કહો ઉપર જણાવેલા પ્રશ્નો પૂછો.

સામર્થ્ય સાથે સાક્ષી આપવા સંબંધીની સાત બાબતો સમજાવો (ઉપર) દેવના સામર્થ્યનો હેતુ સમજાવો.

બાળકોએ જે તૈયાર કર્યું હોય તે રજુ કરવા દો.

**પ્રભુની મેજ**ની સેવા માટે યોહાન. ૨૧ :૯-૧૪ વાંચો અને સમજાવો કે પ્રભુ ઈસુ આપણને તેની સાથે અને એકબીજા સાથે જમવાનું કહે છે.

વિશ્વાસીઓએ સામર્થ્ય સાથે સાક્ષીઓ આપી હોય તો તેના અહેવાલ આપવા દો.

બે કે ત્રણના જૂથમાં વિશ્વાસીઓ પ્રાર્થના, આયોજન અને એકબીજાને ઉત્તેજન આપે.

પ્રેકૃ. ૪ :૩૩ **મુખપાઠ કરો.**

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.